મહત્તમ : ૩૪.૭ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૧૯ ટકા
ગાંધીનગર તાપમાન

રવિવારથી પવિત્ર ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ

વાસંતી નવરાત્રિ તરીકે પણ ઓળખાતી ચૈત્રી નવરાત્રિનું આધ્યાત્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ

ગાંધીનગર, તા.૧૫

રવિવાર તા. ૧૮મી ફેબ્રુઆરીથી પવિત્ર ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. મનની એકાગ્રતા અને સંકલ્પશકિત વધારવા માટે ઉત્તમ ફળદાયી ગણાતી આ નવરાત્રિમાં મા આદ્યશકિત જગદંબાના શ્રધ્ધાળુ ભકતો સાધના કરશે તેમજ નકોરડાં ઉપવાસ કરશે. ગાંધીનગર પાસેના પેથાપુર સહિત અનેક સ્થળે ચૈત્રી નવરાત્રિના ગરબાનું પણ આયોજન કરવામાં આવે છે. આદ્યશકિતની આરાધનાનું નવ રાત્રીઓનું પર્વ એટલે નવરાત્રિ જે વર્ષમાં ચાર વાર આવે છે. મહાશકિતના આ પર્વને હિંદુ સંસ્કૃતિમાં વિશેષ મહત્વ અપાયુ છે. જેમાં ચૈત્રી નવરાત્રિનું આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ અગત્યનું સ્થાન છે. વસંતઋતુમાં આવતી આ નવરાત્રિને 'વાંસતી નવરાત્રિ' તરીકે પણ ઓળખવામાં આવ છે. જેમાં શ્રધ્ધાળુઓ સતત આઠ દિવસ અને નવ રાત્રિ સુધી જવારા વાવીને અથવા અખંડ દીવો કરી ઉપવાસ સાથે જપ-તપ અને સાધના કરીને ઉજવે છે. ચૈત્રી નવરાત્રિમાં સાધના કરવાથી મનની એકાગ્રતા તથા સંકલ્પશકિતમાં વધારો થાય છે અને વ્યકિત દૃઢ નિશ્ચયી બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે ચૈત્રી નવરાત્રિના ઉપવાસ કરે છે અને સમગ્ર નવરાત્રિ દરમિયાન માત્ર જળ સિવાય અન્ય કશું ગ્રહણ કરતા નથી.

ચૈત્ર સુદ એકમથી પ્રારંભ થતી આ નવરાત્રિનું સમાપન રામનવમીના દિવસે થાય છે. આ નવરાત્રિમાં દાન, પૂજન અને દેવીની આરાધનાનું વિશેષ મહત્વ રહેલું છે. શહેરના શ્રધ્ધાળુઓ પ્રારંભ થઈ રહેલા ચૈત્રી નવરાત્રિના પર્વને પરંપરાગત રીતે ઉજવશે.

'જય હિંદ' ગાંધીનગર ટે કવોન ડૉ એસોસીએશનના ખેલાડીઓએ ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સાણંદ, ગુજરાત ખાતે યોજાયેલ સરલ ગેમ્સ નેશનલ ટે કવોન ડૉ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ વિવિધ ઈવેન્ટમાં વિવિધ એજ ગ્રુપ, વેઈટ ગ્રુપમાં ૧૯-ગોલ્ડ, ૬-સિલ્વર અને ૫-બ્રોન્ઝ મળી કુલ ૩૦ મેડલ મેળવી ગાંધીનગર તથા ગુજરાતનું નામ રોશન કરેલ છે. વિજેતા ખેલાડીઓને સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી તથા ચીફ કોચ જતીન દવેએ હાર્દિક શુભેચ્છા પાઠવેલ છે.

વિસનગરા નાગર પરિવાર દ્વારા હાટકેશ પાટોત્સવ ઉજવાશે

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર આયોજિત ૨૫મો હાટકેશ પાટોત્સવ તા. ૩૦મી માર્ચ શુક્રવારે હાટકેશ જયંતિના દિવસે ઉજવવામાં આવનાર છે.

હાટકેશ જયંતિના રોજ વહેલી સવારથી જ વિસનગરા નાગરોના પરિવારને ત્યાં હાટકેશદાદાની પધરામણી કરવામાં આવનાર છે જે માટે પરિવારના હોદ્દેદારોને ત્યાં નામ નોંધાવી શકાશે.

આ ઉપરાંત નર્મદેશ્વર મહાદેવમાં બપોરે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. વિસનગરા નાગર પરિવારની સામાન્ય સભા સાંજે સાડા ચાર કલાકે યોજાશે ત્યારબાદ પીળા પીતામ્બર પહેરી નાગરો હાટકેશદાદાની પાલખી દ્વારા શોભાયાત્રા કાઢશે જે નર્મદેશ્વર મહાદેવથી સે-૧૭/૨૨, સે-૨૨ શોપીંગ, પંચદેવ મંદિર થઈને નર્મદેશ્વર મહાદેવ પરત ફરશે. શોભાયાત્રાનું આયોજન ધર્મેન્દ્રભાઈ રાવલ, ગજાનનભાઈ મહેતા અને મયંકભાઈ દવે કરનાર છે. મહાપ્રસાદના દાતા હિતેશભાઈ રાવલ-સરકારી મુખ્ય વકીલ છે જયારે શોભાયાત્રામાં ઠંડા પીણાંની વ્યવસ્થા આશિષભાઈ પંડિત તથા ચિરાગભાઈ અને પ્રવિણકુમાર રાવલ દ્વારા કરવામાં આવનાર છે.

હાટકેશ પાટોત્સવની ચર્ચા વિચારણા માટે તા. ૨૫મી માર્ચના રોજ સાંજે પાંચ વાગે અતુલભાઈ પંડયા, સે-૩૦, પ્લોટ નં. ૮૦૦/૨, જાગૃતિ પાર્ક ખાતે કારોબારી સલાહકાર સમિતિની મીટીંગ રાખવામાં આવી છે. રૂદ્રાભિષેકમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ તા. ૨૪માર્ચ શનિવાર સુધીમાં પ્રમુખ કે મહામંત્રીને રૂ. ૧૫૧ આપી નામ નોંધાવવાનું રહેશે. દરેક સભ્યને પીતામ્બર પહેરીને શોભાયાત્રામાં જોડાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

@ગાંધીનગર

● ફાગણમાસાની શિવરાત્રિનો કાર્યક્રમ એકલિંગજી ત્રિવેદી મેવાડા અને ભટ્ટ મેવાડા પરિવાર દ્વારા સાંજે ૪.૦૦ કલાકે પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે યોજવામાં આવશે.

જલારામ મંદિર ખાતે દરિયાલાલ જયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા.૧૫

જલારામ સેવા સમાજ દ્વારા તા. ૧૮ ચૈત્ર સુદ બીજના દિવસે દરિયાલાલ જયંતિના પુનિત અવસરે જલારામ ધામ સે-૨૯ ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સવારે ૮.૩૦ કલાકે પૂજનવિધિ મૂર્તિદાદાના વરદહસ્તે થશે ત્યારબાદ ૧૦.૧૫ થી ૧૧.૫૦ હવનવિધિ તેમજ બપોરે ૧૨.૧૫ કલાકે શ્રીફળ હોમાશે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને કાર્યક્રમમાં ભકિતનો લાભ લેવા સંસ્થા વતી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે ડાક અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

પોસ્ટ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે પોસ્ટ વિભાગને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના પોસ્ટલ ડિવિઝન દ્વારા ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિવારણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, ગાંધીનગર ડિવિઝન, સે-૧૧ ખાતે છઠ્ઠી એપ્રિલે ડાક અદાલત યોજાશે.

આ અદાલતની સવારે ૧૧.૩૦ કલાકે કાર્યવાહી શરુ કરાશે. જે માટે જો કોઈ પ્રશ્ન હોય તો મોડામાં મોડા તા. ૨૧મી માર્ચ ૨૦૧૮ સુધીમાં સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, સે-૧૧-ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. આથી જાહેર જનતાને તેનો લાભ લેવા પ્રવર અધિક્ષક ડાકઘર ગાંધીનગર દ્વારા નિમંત્રણ આપવામાં આવે છે.

ડીજીપીની ડ્રાઈવ માટે પોલિસને હવે સમય મળ્યો

કુડાસણ પાસેથી વિદેશી દારૂની બોટલો ભરેલી કાર ઝડપાઈ

૨૪ બોટલ સાથે કાર લઈને ઉભેલા ચાંદખેડાના શખ્સની ધરપકડ : એસઓજીની ટીમે રાત્રે કાર પકડી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એસઓજીની ટીમે બાતમીને આધારે ગઈ કાલે રાત્રે કુડાસણ ખાતે સહજાનંદ સીટીના ગેટ પાસેથી ફોર્ડ ફીગો કારમાંથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી હતી. વિદેશી દારૂ કારમાં લઈને ઉભેલા ચાંદખેડાના શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આરોપીની ધરપકડ કરી લઈ રૂ. ૨.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સઘન પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ.ની સુચનાથી તેમની ટીમે દારૂ-જુગાર અંગે માહિતી મેળવવા બાતમીદારો સક્રીય કર્યા છે. દરમિયાન ગઈ કાલે રાત્રે ચોકકસ બાતમીને આધારે એસઓજીની ટીમે કુડાસણમાં સહજાનંદ સીટીના ગેટ પાસે દરોડો પાડી ત્યાં ઉભેલી જીજે ૦૧ આર.યુ. ૮૫૮૬ નંબરની ફોર્ડ ફીગો કાર સાથે એકને દબોચી લીધો હતો. કારમાં તપાસ કરતા અંદરથી ૨૪ નંગ બ્લેન્ડર્સ પ્રાઈટ વ્હીસ્કીની બોટલો મળી આવી હતી. રૂ. ૨૮,૮૦૦ની કિંમતના વિદેશી દારૂ અને ફોર્ડ ફીગો કાર મળીને કુલ રૂ. ૨,૨૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈ એસઓજીની ટીમે ચાંદખેડાના દેવગંગ સોસાયટીમાં રહેતા શખ્સ શિવરાજ વિક્રમ ભાટીની ધરપકડ કરી લીધી હતી. આરોપીની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ઊંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે. ડીજીપીએ ૧૬ માર્ચ સુધી આપેલી દારૂ-જુગાર સ્પેશ્યલ ડ્રાઈવ માટે ગાંધીનગર પોલિસને હવે સમય મળ્યો હોય તેમ લાગી રહ્યું છે અને કેસો કરવાના શરુ થઈ ગયા છે.

ઝુંડાલના વરલી મટકાના અડ્ડા પર આર.આર. સેલનો દરોડો : રૂ.૧૮ હજારના મુદ્દામાલ સાથે ત્રણ ઝડપાયા : એક ફરાર

ગાંધીનગર રેન્જ ડીઆઈજીની આર.આર. સેલ દ્વારા આજે અડાલજ પાસે આવેલા ઝુંડાલ ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ઝુંડાલની પાણીની ટાંકી પાસે ખુલ્લેઆમ ચાલતા વરલી મટકાના અડ્ડા ઉપર આર.આર. સેલે દરોડો પાડી ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. રૂ. ૧૮૭૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝુંડાલના ઉદા સેંધા ઠાકોર, ગાભા કચરા ઠાકોર અને દિનેશ ગાભા ઠાકોરની ધરપકડ કરી લીધી હતી જયારે ઝુંડાલનો સુત્રધાર મંગા ભલા ઠાકોર હજી વોન્ટેડ છે.

કોલવડામાં દરોડો પાડી એસઓજીએ ૨૪ બોટલ દારૂ પકડયો

ગાંધીનગર એસઓજીની ટીમે બાતમી આધારે કોલવડા ગામની સીમમાં અર્જુનસિંહ વાઘેલાના ખેતરમાં રહેતા વિક્રમ દશરથ દંતાણીના ઘરમાં દરોડો પાડયો હતો. દરોડો પાડીને ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો સાથે વિક્રમ દંતાણીને દબોચી લઈ રૂ. ૮૫૯૨ની કિંમતનો મુદ્દામાલ એસઓજીએ જપ્ત કરી લીધો છે. વિક્રમ દંતાણીને દારૂ પુરો પાડનાર દિલીપ દશરથ દંતાણી સામે પણ ગુનો નોંધી તેની ધરપકડ કરવા તજવીજ શરુ કરી છે.

પીંપળજ પાસે અલ્ટો ગાડીમાંથી દારૂ પકડાયો

પેથાપુર પોલિસની ટીમે ચોકકસ બાતમી આધારે પીંપળજ ગામના પાટીયા પાસે વૉચ ગોઠવી જીજે ૧૮ એ.બી. ૦૩૫ નંબરની અલ્ટો ગાડી લઈને જતા પેથાપુર તરપોજ ચકલા ખાતે રહેતા ઈકબાલહુસેન ઉર્ફે ફોજી મહમદહુસેન મલેકને પકડી પાડયો હતો. અલ્ટોમાં તપાસ કરતા અંદરથી ૩૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પેથાપુર પોલિસે રૂ. ૯૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી દારૂ કયાંથી લાવ્યો તે સહિતની પુછપરછ શરુ કરી છે.

સિસિકા મહિલા પાંખની સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સિસિકા મહિલા પાંખ ગાંધીનગરની માર્ચ માસની સભા તા. ૧૭-૩-૨૦૧૮ને શનિવારે બપોરે ૪ કલાકે 'નમન' એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે મળશે તો તેની નોંધ લઈ સર્વે સભ્ય બહેનોને હાજર રહેવા મહિલા કન્વીનર આશાબેન દોશીએ અનુરોધ કર્યો છે.

પરીક્ષા ટાણેજ વિદ્યાર્થીઓ બેવડી ઋતુનો ભોગ બન્યાં...!!

દિવસે ગરમી અને રાત્રે ઠંડીના વાતાવરણમાં પરીક્ષાર્થીઓ સહિત નાગરિકો સીઝનલ બિમારીથી ત્રસ્ત...!!

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં એક તરફ પરીક્ષાઓની સીઝન ચાલી રહી છે અને બીજી તરફ વાતાવરણમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે જેનો કારણે સીઝનલ બિમારીઓનો વાવર ચાલી રહ્યો છે. આ પરિસ્થિતિમાં શહેરમાં બોર્ડની પરીક્ષાના કેટલાક પરીક્ષાર્થીઓ સહિત ઘણા વિદ્યાર્થીઓ બિમારીનો ભોગ બનવા પામ્યા છે. જેના પગલે વાલીઓ ચિંતાતુર બન્યા છે.

દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ કરાવતી અત્યારની બેવડી ઋતુની સીઝન વિદ્યાર્થીઓ માટે પરેશાનીરૂપ બનવા પામી છે આયુર્વેદમાં જણાવ્યા મુજબના આ ઋતુસંધિકારમાં શરદી, તાવ, હાથ-પગ તુટવા, માથું દુઃખવું કે પેટ સંબંધી તકલીફો ઉભી થવી જેવા રોગોનો ફેલાવો થવા પામ્યો છે. રાત્રે ઠંડીનું વાતાવરણ હોવાથી મચ્છરનો ઉપદ્રવ યથાવત રહ્યો છે જેને પરિણામે નાગરિકોને ના છુટકે ઠંડીમાં પણ પંખા ચાલુ રાખવા પડી રહ્યા છે. બીજી તરફ દિવસે આકરો તડકો અનુભવાય છે જેને કારણે નાગરિકોનું શરીર ઠંડા અને ગરમ વાતાવરણ વચ્ચે સમતુલા સ્થાપવામાં મુશ્કેલી અનુભવે છે. જેના પગલે બિમારીમાં પટકાય છે. આજ પ્રકારની બિમારીઓનો ભોગ શહેરના વિદ્યાર્થીઓ પણ બની રહ્યા છે.

શહેરમાં હાલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આ વાર્ષિક પરીક્ષાઓની સાથે શહેરની કોલેજોમાં પ્રિલિમ અથવા મીડ-ટર્મ પરીક્ષા પણ ચાલી રહી છે. આમ જયારે શહેરનો મોટો વિદ્યાર્થી વર્ગ પરીક્ષામાં વ્યસ્ત છે ત્યારે જ બેવડી ઋતુના વાતાવરણનો ભોગ બની પરીક્ષાર્થીઓ બિમાર પડી રહ્યા છે જેના કારણે તેમની આખા વર્ષની મહેનત દાવ પર લાગી છે. શહેરના દવાખાનાઓમાં સીઝનલ બિમારીના દર્દીઓની ભીડ જોવા મળી રહી છે.

ધણપમાં ખેતરના રસ્તા બાબતે થયેલી મારામારી પ્રકરણમાં એકનું મૃત્યુ

ચાર દિવસથી હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ : ત્રણ શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક ધણપ ગામમાં ૧૧મી માર્ચે ખેતરના રસ્તા બાબતે પાડોશીઓ વચ્ચે ધમાલ થઈ હતી. આ ઘટનામાં ભરતસિંહ રાણાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં ચાર દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. દરમિયાન આજે સારવાર દરમિયાન હોસ્પિટલમાં તેમનું પ્રાણપંખેરુ ઉડી જતા ચિલોડા પોલિસે એક મહિલા સહિત ત્રણ શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ધણપ ગામમાં ખેતરના રસ્તા બાબતે પાડોશીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. આ ઘટનામાં માથાના ભાગે ગંભીર રીતે ઈજાઓ પામેલા ૩૨ વર્ષીય ભરતસિંહ રતાજી રાણા હોસ્પિટલમાં ચાર દિવસથી સારવાર હેઠળ હતાં. આજે ભરતસિંહનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટના સંદર્ભે ચિલોડા પોલિસે મૃતકના ભાઈ નરેન્દ્રસિંહ રાણાની ફરિયાદને આધારે ધણપના અશોક હેમતુજી રાણા, લક્ષ્મીબેન અશોકસિંહ રાણા અને જયદિપ અશોકસિંહ રાણા સામે હત્યાનો ગુનો દાખલ કરી મૃતદહ પોસ્ટ મોર્ટમ કરાવી હત્યારાઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અડાલજ પાસે વૃક્ષને અથડાતા ગાડી સળગી ઉઠી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરથી સરખેજ માર્ગ પર ગાડી ચાલકો રોકેટ ગતિએ પોતાની ગાડીઓ દોડાવતા નજરે પડે છે. ફુલ સ્પીડે ગાડીઓ હંકારતા વાહન ચાલકો ક્યારેક ગાડી પરનો કાબુ ગુમાવતા અકસ્માત નોંતરે છે. ત્યારે તાજેતરમાં જ અડાલજ પાસે ઝાડ સાથે ટકરાઈને એક કાર સળગી ઉઠી હતી. આ બનાવમાં કાર ઝાડ સાથે ટકરાતા ઝાડ પરથી પસાર થતો જીવંત વિજવાયર પર ઝાડની ડાળી પડતા વાયર તુટી ગયો હતો. વાયર નીચે ઉભેલી કાર પર પડતા કાર થોડીક જ મીનીટોમાં બળીને ખાક થઈ ગઈ હતી. જો કે સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત બાદ કાર ચાલક નીચે ઉતરી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ટી.ની સમસ્યાનું નિરાકરણ ન થતાં નારાજગી

સમિતિની મળતી બેઠક બાદ ફકત સંબધિત વિભાગોને સુચન સિવાય કશું જ થતું નથી : પોલિસ ચોકીનો પ્રશ્ન પણ અધ્ધરતાલ

ગાંધીનગર, તા.૧૫

એસ.ટી. નિગમની સલાહકાર સમિતિની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં મુસાફરી માટે ઉભી થતી સમસ્યાઓ અંગે લેખિતમાં હાજર અધિકારીઓને પત્ર આપવામાં આવ્યો હતો. હમણાં જ મળેલી આ બેઠકમાં બે વર્ષ અગાઉ રજુ કરેલા જ પ્રશ્નો હોવાનું સલાહકાર સમિતિના સભ્ય જણાવી રહ્યા છે જેમાં બે વર્ષ અગાઉ સુચનો કરેલ હતા તે સંબંધિત અધિકારીઓએ જે તે વિભાગને સમસ્યાઓ અંગે લેખિતમાં સુચન કરી નિવારણા લાવવા જણાવ્યું હતું જે નિરાકરણ આજ દિન સુધી ન આવતાં ફરીથી સમિતિએ સુચનો કરેલ છે. નિગમના અમુક ડેપો સુચનોનું પાલન ન કરતા હોવાથી સમસ્યાઓ અને તેના નિરાકરણ ફકત કાગળ ઉપર જ રહેતા હોવાનો બળાપો સભ્યો વ્યકત કરી રહ્યા છે.

સલાહકાર સમિતિએ આપેલા લેખિત પત્રમાં સૌથી વધુ પ્રાધાન્ય ગાંધીગનર ડેપોમાં પોલિસ ચોકીનો રહ્યો છે. જેમાં બંને સંલગ્ન વિભાગો ફકત પત્ર વ્યવહાર પૂરતા મર્યાદિત રહ્યા છે જેનો અમલ હજુ સુધી શકય બન્યો નથી અને છાશવારે ચોરી તેમજ મુસાફરોના પાકીટ કે દાગીના ચોરાઈ રહ્યા છે. વધુમાં ગાંધીનગર ડેપોમાં મુકેલા કુલરો શોભાના ગાંઠીયા બન્યા છે જેમાં હાલ નહાવાનું ગરમ પાણી આવે તેવું પીવા માટેનું પાણી મળી રહ્યું છે. સલાહકાર સમિતિએ સરકાર તમામ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવે છે છતાં સંબધિત અધિકારીઓની બેદરકારીથી મુસાફરોને યોગ્ય સવલત ન મળતી હોવાની અમદાવાદ વિભાગના નાયબ નિયામકને ફરિયાદ કરી હતી. વધુમાં ૪૦૦૦૦થી વધુ વસ્તી ધરવતા પેથાપુરમાં કન્ટ્રોલ એસ.ટી. બસ સ્ટેન્ડ બનાવી દેવાયું છે પરંતુ ઘણા સમયથી કન્ટ્રોલર જ મુકાતા નથી જે કારણે સમયપત્રક, રૂટના બોર્ડમાં પેથાપુરનો ઉલ્લેખ તેમજ નિયત સ્ટેન્ડ વગેરે સમસ્યાઓ યથાવત રહી છે.

સલાહકાર સમિતિના સભ્યોએ બેઠકમાં ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને આપેલા લેખિત પત્રમાં ચોકકસ નિવારણની માંગ કરી છે. સરકાર તરફથી મુસાફરો માટે નવી બસો, યોગ્ય બેઠક વ્યવસ્થા તેમજ તમામ સુવિધા આપવામાં કચાશ રખાતી નથી જેની અમલવારી કરવાની જવાબદારી જે તે ડેપો મેનેજર અથવા અધિકારીઓની હોવાથી તે માટે યોગ્ય પગલાં લેવાય તેવું સુચન કરાયું હતું.

ચિરવિદાય

● સ્વ. ઓડ દેવાભાઈ બાલાભાઈ, ઉ.વ. ૬૦